## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




તમે તમારા ચાર પાંચ વર્ષ પહેલા બનાવેલ રસ્તા ધોવાઈ ગયા તેનું રડો છો... અમારો સો વર્ષ જુનો પક્ષ ધોવાઈ ગયો તોય રીસોર્ટમાં મજા કરીએ છીએ...!

# એસપીજી અને પાસ સામસામે

### રાત્રે વૈષ્ણોદેવી સર્કલ નજીક દિનેશ બાંભણીયા પર હુમલા પ્રકરણમાં ક્રોસ ફરિયાદ બંનેએ એક બીજાના ટોળા સામે મારામારી અને ધાડની ફરિયાદ નોંધાવી

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર એસજી. હાઈવે પર વૈષ્ણોદેવી સર્કલ નજીક ઝુંડાલ જતા માર્ગ પર ગઈ રાત્રે પાસના કન્વીનર દિનેશ બાંભણીયા પર હિંસક હુમલા બાદ સ્પષ્ટપણે એસપીજી અને પાસ સામસામે આવી ગયા હોવાનું ચિત્ર ઉપસ્યુ છે. આ પ્રકરણ બાદ પાસના દિનેશ બાંભણીયા અને એસપીજીના ધર્મેન્દ્ર પટેલે એકબીજાના ટોળા સામે અડાલજ પોલીસ મથકમાં સામસામે પોલીસ ફરીયાદ નોંધાવી છે. પોલીસ ફરિયાદમાં હિંસક હુમલા ઉપરાંત ધાડ થઈ હોવાનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. અડાલજ પોલીસે ગુનો દાખલ કરી તટસ્થ તપાસ શરૂ કરી છે.

કલોલ એસપીજી ૧૦૮ના અધ્યક્ષ ધર્મેન્દ્ર પટેલે નોંધાવેલી ફરીયાદ મુજબ એક પાટીદાર યુવતીને દગો કરવા બદલ પાસના કાર્યકર સામે પગલા લેવા સોલા ઉમીયા ધામમાં એકત્ર થયા અને ત્યાં માથાકુટ થયા બાદ દિનેશ બાંભણીયા તથા રાહુલ પટેલ સહિત ૨૦ થી ૨૫ કાર્યકરોના ટોળાએ હુમલો કરી સોનાની ચેઈન અને લકી તથા રોકડ લુંટી લીધી હોવાની ફરીયાદ નોંધાવી છે. તો બીજી તરફ દિનેશ બાંભણીયાએ નોંધાવેલી ફરિયાદ મુજબ ધર્મેન્દ્ર પટેલે સોલાથી નિકળ્યા બાદ વૈષ્ણોદેવી સર્કલ નજીક ઝુંડાલ રોડ તરફ દિનેશ બાંભણીયા ગાડી લઈને જઈ રહ્યા હતા ત્યારે બે ગાડીઓ આગળ-પાછળ ઉભી કરી દઈ દિનેશ બાંભણીયાની કાર અટકાવી દઈ ૨૦ થી ૨૫ના ટોળાએ હિંસક હુમલો કરી કારમાં તોડફોડ કરી હતી. તે ઉપરાંત ગળામાં પહેરેલો સોનાનો દોરો તથા ગાડીમાં મુકેલા રૂ. ૨.૨૦ લાખ લુંટી લઈ ટોળકી ભાગી ગઈ હતી. અડાલજ પીઆઈ કે.કે. પંડ્યાએ બંનેની ફરીયાદ લઈ ગુના દાખલ કરીને ક્રોસ ફરિયાદની તટસ્થ તપાસ આરંભી છે.



# ગાંધીનગર-સરખેજ રૂટની બસો ખોટકાવાનો સિલસિલો યથાવત

ગાંધીનગર-સરખેજ રૂટ પર દરરોજ અપડાઉન કરનારા નોકરિયાતો, વ્યવસાયિકો તથા વિદ્યાર્થીઓની સંખ્યામાં દિન-પ્રતિદિન વધારો થઈ રહ્યો છે. આ રૂટના વધતા જતા ટ્રાફિક ભારણને પગલે સરકારે સમગ્ર માર્ગને સિક્સલેન કરવા સુધીના પગલા ભરવાની ફરજ પડી છે. આમ છતાં ગાંધીનગર એસટી ડેપોને કદાચ આ રૂટની અગત્યતા અંગે શંકા હોય તેવુ પ્રતિત થઈ રહ્યું છે. એક તો આ રૂટ પર જરૂરિયાત છે તેના કરતા ખૂબ ઓછી સંખ્યામાં બસોની વ્યવસ્થા આપવામાં આવી છે. જેના પગલે મુસાફરોને જીવના જોખમે બેફામ દોડતા શટલિયા વાહનોનો સહારો લેવો પડે છે. બીજુ જેટલી બસો આ રૂટ પર દોડી રહી છે તેમાં પણ વારંવાર અધવચ્ચે બસો ખોટકાવાની સમસ્યા સર્જાઈ રહી છે. તાજેતરમાં સરખેજ-ગાંધીનગર રૂટ પર બસો ખોટકાવાની ફરિયાદો વધી જવા પામી છે. હજુ ગઈકાલે પણ આ રૂટની એક બસ રસ્તામાં ખોટકાતા મુસાફરો ભારે પરેશાનીનો ભોગ બનવા પામ્યા હતા.

# કાઉન્સીલરોને બાંકડા માટે ગ્રાન્ટ નથી અને ધારાસભ્ય માટે મનપા ટેન્ડરીંગ કરે છે : બિહોલા

### વિપક્ષી કાઉન્સીલરોના હિતની રક્ષા કરવા મેયર સમક્ષ માંગ કરતી કોંગ્રેસ

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર મહાનગર પાલિકામાં કાઉન્સીલરોને બાંકડાની ગ્રાન્ટ ના મળે પણ ધારાસભ્ય ભાજપના હોઈ કોર્પોરેશન ટેન્ડર પ્રક્રિયા પણ કરે અને બાંકડા પણ મુકવામાં આવે તે નિર્ણયમાં પક્ષપાત નજર સામે આવે છે તેમ વિપક્ષના નેતા શૈલેન્દ્રસિંહ બિહોલાએ આજે એક નિવેદનમાં જણાવ્યું છે.

બિહોલાએ આ બાંકડા ધારાસભ્યની ગ્રાન્ટમાંથી વિપક્ષી કાઉન્સીલરોના વિસ્તારમાં પણ મુકવામાં અગ્રતા અપાય અને વિપક્ષના કાઉન્સીલરોના હિતોની રક્ષા કરવાની જવાબદારી મેયર તરીકે આપની રહે છે તેવો પત્ર મેયરને લખી રજુઆત કરી છે.

બિહોલાએ તેમના પત્રમાં જણાવ્યું છે કે ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા ગયા વર્ષથી કોર્પોરેટરોની ગ્રાન્ટમાંથી આપવામાં આવતા બાંકડા બંધ કરી દેવામાં આવ્યા છે, જેનું કારણ નગરમાં બાંકડાની સંખ્યા વધી જવાનું આપવામાં આવ્યું હતું. પરંતુ હવે ધારાસભ્યની ગ્રાન્ટના વહીવટમાંથી મહાનગરપાલિકા દ્વારા બાંકડા મુકવામાં આવી રહ્યાં છે, તો શું હવે નગરમાં બાંકડાની સંખ્યા ઘટી ગઈ છે ? બાંકડાનું ટેન્ડર પણ સ્ટેન્ડિંગ કમિટી દ્વારા જ કરવામાં આવ્યું છે અને મંજુર પણ કરવામાં આવ્યુંછે, અને બાંકડાનો ભાવ પણ નક્કી થઈ ગયો છે, ટૂંકમાં ટેન્ડરની પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ છે, તો કોર્પોરેટરોની ગ્રાન્ટમાંથી પણ અમુક ટકા ગ્રાન્ટના બાંકડા આપવા જોઈએ અને પ્રજાની બાંકડા માટે માંગ પણ છે. ખાલી સ્થાયી સમિતિમાં આવો ઠરાવ કરવાનો જ રહે છે કે કોર્પોરેટરોની ગ્રાન્ટમાંથી બાંકડા આપવા. શાસકપક્ષ દ્વારા પક્ષાપક્ષીથી દૂર રહી કોર્પોરેટરોની ગ્રાન્ટ પ્રજા માટે વપરાય તેથી બાંકડા આપવાનો નિર્ણય લેવો જોઈએ. ગાંધીનગરમાં ધારાસભ્ય ભાજપના હોવાથી શાસકપક્ષ દ્વારા બાંકડા મુકવામાં આવશે તો વિપક્ષના કોર્પોરેટરોને પણ પોતાની ગ્રાન્ટમાંથી બાંકડા પેટે ગ્રાન્ટ આપવી જોઈએ અને જો આવું થશે તો તેનો લાભ પ્રજાજનો વધુ લઈ શકશે.



પૂરગ્રસ્ત વિસ્તારોમાં શહેર ભાજપ : ગાંધીનગર મહાનગરપાલિકાના પૂર્વ ડે.મેયર કાર્તિકભાઈ પટેલ, પૂર્વ શહેર પ્રમુખ અને કોર્પોરેટર નિતીનભાઈ પટેલ તથા મહાનગરના કાર્યકરો ગુરુવારે પૂરગ્રસ્ત પાટણ જિલ્લાના વાઘપુર ગામના પૂરપીડિતોને સહાય માટે પહોંચ્યા હતા. સમગ્ર વારાહી તાલુકાના પૂરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લઈ ઘરવખરીની કીટનું વિતરણ કર્યું હતું.

# એસ.જી અંગ્રેજી પ્રાથમિક શાળામાં ખેત ઉત્પાદન વિષે માર્ગદર્શનનું આયોજન થયું

એસ.જી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળામાં ધો -૫ થી ૮ ના બાળકો માટે ખેત ઉત્પાદન વિષે માહિતી આપવામાં આવી હતી. વિવિધ અનાજો કેવી રીતે ઉત્પાદન થાય છે અને કાળજી લેવાય છે તે વિષે વિદ્યાર્થીઓને વિડિયો અને શિક્ષકો દ્વારા માહિતી આપવામાં આવી હતી. આ કાર્યક્રમનું આયોજન શાળાના શિક્ષક હિમ્મત સર અને અદિતિ મેડમે કર્યું હતું.

# સે-૨૧ શાકમાર્કેટ અને ડીસ્ટ્રીક શોંપીગ સેન્ટરમાં દબાણ ટીમનો સફાયો

### લારી-ગલ્લા, પાથરણાવાળા સહિત નડતરરૂપ દબાણ તંત્રએ દુર કર્યા

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર શહેરમાં કુદકે ને ભુસકે દબાણ વધી રહ્યુ છે. શહેરના માર્ગો અને સેકટરના આંતરીક માર્ગ પર લારી-ગલ્લા સહિત કાચા-પાકા ઝુંપડાઓના ગેરકાયદેસર દબાણ ઉભા કર્યા છે. તંત્રની ટીમ દ્વારા

ગાંધીનગર શહેરમાં દબાણએ અજગરી ભરડો લીધો હોય તેમ લાગી રહ્યું છે. દબાણનું નામ આવતા જ તંત્રના અધિકારીઓ પણ માથા ખંજવાળતા નજરે પડે છે. શહેરમાં રાત્રે ના વધે તેટલા દબાણો દિવસે વધી જાય છે. શહેરના મુખ્યમાર્ગો ઉદભવે છે. જયારે સેકટર-૨૧ શાકમાર્કેટમાં અંદરની બાજુએ પાથરણાવાળા વેપારીઓ વેપાર માટે બેસતા નાગરીકોને પગ કયા મુકવો તે પણ મુસીબત સમાન હતો. તો બીજીતરફ ગંદકી અને દબાણને પગલે મુખ્ય વેપારીઓ પણ



સમયાંતરે દબાણ દુર કરવામાં આવે છે પરંતુ ફરીવાર પાછા પોતાની નિયત જગ્યાએ ગોઠવાઈ જાય છે. ત્યારે આ દબાણકારોનો કાયમી ઉકેલ આવે તેમ નાગરીકો પણ ઈચ્છી રહ્યા છે. ત્યારે આજે સે-૨૧ શાકમાર્કેટ અને ડ્રીસ્ટીકટ શોંપીગમાં પાથરણા અને લારી-ગલ્લાના દબાણ પર અચાનક મનપાની દબાણટીમ ત્રાટકી હતી અને દબાણકારોનો સફાયો બોલાયો હતો. ત્યારે વેપારીઓમાં પણ થોડાસમય માટે નાસભાગ મચી જવા પામી હતી.

તેમજ સેકટરના આંતરીક રસ્તાઓ પર કાચા-પાકા ઝુપડા સહિત લારી ગલ્લાના સંખ્યાબંધ દબાણો નજરે પડી રહ્યા છે. મનપાની દબાણટીમ દ્વારા દબાણ હટાવાય છે પરંતુ પાછા પોતાની નિયત જગ્યાએ ગોઠવાઈ જાય છે. તો કેટલાક દબાણકારો દબાણટીમ પર દબાણ પણ લાવતા હોય છે. છતા પણ તંત્ર દ્વારા નિષ્પક્ષ કામગીરી થતી રહે છે. દબાણકરો અડચણરૂપ બનતા નગરજનોને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે. તેમજ બીજી અનેક સમસ્યાઓ પણ ત્રાહીમામ પોંકારી ઉઠ્યા હતા. જયારે શોંપીગમાં ગલ્લા તેમજ ગાડીઓનો ખડકલો થતા અન્ય નાગરીકોને ભારે હેરાનગતિનો સામનો કરવો પડ્યો હતો. દબાણટીમે આજે સેકટર-૨૧માં સફાયો બોલાવતા વેપારીઓમાં ભય ફેલાયો હતો અને પોતાની ચીજવસ્તુઓ બચાવવા ભારે મથામણ કરી રહ્યા હતા. જો કે દબાણની કામગીરી આગામી સમયમાં પણ શહેરમાં કાર્યરત રહેશે તેમ દબાણટીમના વડા મહેશ મોડે જણાવ્યું છે.

# મેદરા કેનાલમાં બે નિલગાય પડી

### ભારે જહેમત બાદ ફાયરબ્રિગેડની ટીમે કેનાલમાંથી બંને નિલગાયને બહાર કાઢીને બચાવી લીધી

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના જલુન્દ્રા મોટા ગામની કેનાલમાં ગઈ કાલે ૧૬ નિલગાયો પડતા પશુપ્રેમીઓના જીવ પડીકે બંધાઈ ગયા હતા. જો કે ભારે જહેમત બાદ કેનાલમાં પડેલી તમામ ૧૬ નિલગાયને જીવતી બહાર કાઢી લઈ બચાવી લેવાઈ હતી. ગઈ કાલની આ ઘટના બાદ આજે વધુ બે નિલગાયો કેનાલમાં પડી હોવાની ઘટના બનવા પામી હતી. મેદરા નર્મદા કેનાલમાં બે નિલગાયો પડી ગયાનો કોલ ગાંધીનગર ફાયરબ્રિગેડને મળતા ફાયરબ્રિગેડની ટીમ સ્થળ પર પહોંચી ગઈ હતી અને મેદરા કેનાલમાં ખાબકેલી બંને નિલગાયોનું દિલધડક રેસ્કયુ કરીને ફાયરબ્રિગેડની ટીમે જીવતી બહાર કાઢીને બચાવી લીધી હતી. ગાંધીનગર પાયરબ્રિગેડની ટીમની સાથોસાથ સ્થાનિક ગ્રામજનોએ પણ બચાવ કામગીરીમાં જરુરી મદદ પુરી પાડી યોગ્ય સહકાર આપ્યો હતો.

# જિલ્લામાં કૃષિક્ષેત્રને થયેલા નુકશાન અંગે સર્વેની કામગીરી આરંભાઈ

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર જિલ્લામાં ભારેથી અતિભારે વરસાદને પગલે કૃષિક્ષેત્રે થયેલ નુકશાન અંગે કૃષિ વિભાગે સર્વેલન્સની કામગીરી હાથ ધરવાનો નિર્ણય કર્યો છે.

જિલ્લા કૃષિતંત્ર દ્વારા પાંચમી ઓગષ્ટ સુધીમાં આ સર્વેલન્સ અંગેની કામગીરી સંપન્ન કરવામાં આવશે તેમ તંત્રના સૂત્રોમાંથી જાણવા મળ્યુ છે.

જિલ્લાના ઘણા બધા ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદી પાણી ભરાઈ રહ્યા હોવાથી ખેતીને નુકશાન થવા અંગેની તંત્રને મળેલ ફરિયાદો પછી તંત્રએ આ સર્વેલન્સની કામગીરી હાથ ધરી છે.

જિલ્લામાં આ સિઝનમાં અત્યાર સુધીમાં ૬૦ હજાર હેક્ટર વિસ્તારમાં જ વાવેતર થયુ છે હજુ વાવણીની કામગીરી ચાલુ છે. ખાસ કરીને ફેર રોપણીના પાકોનું વાવેતર શરૂ થયું છે. જો કે હજુ વરસાદે વિરામ લીધો નથી. કારણ કે દિવસમાં એકાદ-બે ઝાપટા તો નોંધાઈ જ રહ્યા છે.

મળતી વિગતો પ્રમાણે કપાસ અને બાગાયતી પાકોને નુકશાન થયુ હોવાનું મનાઈ રહ્યું છે. આ ઉપરાંત થોડે ઘણે અંશે મગફળીના પાકને તેમજ કઠોળ પાકોને નુકશાન થવાના અંદાજો છે. તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે જિલ્લામાં અત્યાર સુધીમાં થયેલા સર્વે પ્રમાણે ૬ થી ૭ લાખનું નુકશાન થયુ છે. જો કે આગામી સપ્તાહમાં સર્વેલન્સ સંપન્ન થયા બાદ જ સાચી હકીકત જાણવા મળી શકશે.

# શહેરની હોસ્પિટલમાં ઉભરાતી ગટરોથી દર્દીઓ હેરાન

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર શહેરમાં વરસાદી વાતાવરણ અને ગંદકીને પગલે રોગચાળો વકરી રહ્યો છે. જિલ્લામાંથી સ્વાઈન ફલુના ૧૭ જેટલા કેસ સામે આવ્યા છે. ત્યારે તાવ, મેલેરીયા, ટાઈફોઈડ, ઝાડા-ઉલ્ટી સહિતના દર્દીઓનું પ્રમાણ શહેરમાં વધુ છે. ત્યારે શહેરની હોસ્પિટલમાં દર્દીઓ સારવાર માટે આવે છે પરંતુ હોસ્પિટલમાં ઠેરઠેર ઉભરાતી ગટરો અને ગંદકીને પગલે દર્દીઓ ખુદ બિમારીમાં સપડાય તેવી સ્થિતિ ઉભી થવા પામી છે. જુની લેબોરેટરી પાછળ ગટરના ત્રાસથી અતિશય દુર્ગંધ મારતા દર્દીઓ તેમજ મુલાકાતીઓએ મોં પર રૂમાલ રાખવાની ફરજ પડે છે. શહેરમાં ભેજવાળી આબોહવાને પગલે નાગરીકો ખુદ હેરાન પરેશાન છે.આ વાતાવરણની સીધી અસર માનવીના સ્વાસ્થય પર પડે છે. ત્યારે વિવિધ બિમારીથી પીડાતા દર્દીઓ સાજા થઈને ઘરે જવાના બદલે સિવિલમાં જ ગંદકીને કારણે બિમારીનો ભોગ બને તેવી સ્થિતિનું નિર્માણ થવા પામ્યું છે.

ગાંધીનગર શહેરની સિવિલ હોસ્પિટલમાં જ ગંદકીના દ્રશ્યો જોવા મળે છે. સિવિલના સત્તાધિશો માત્ર રાઉન્ડમાં જ પહેલી નજરે દેખાતી ગંદકીના સફાઈના આદેશ આપી જતા રહે છે. ત્યારબાદ સફાઈ યોગ્ય થઈ છે કે નહી તેની પણ કોઈ દરકાર રાખતુ નથી. લેબોરેટરી પાછળ છેલ્લા ઘણા દિવસથી ઉભરાતી ગટર મચ્છરોનું મચ્છરોના ઉત્પતિ સ્થાન નજરે પડતા નાગરીકો પણ દંગ રહી જાય




બિમાર વ્યકિત હોસ્પિટલમાં આવીને વધુ આરોગ્ય ઝોખમાય તેવી સ્થિતિ છે. જયારે જુની ઉદભવ સ્થાન બની ગયું છે. શહેરમાં રોગચાળો માથુ ઉંચકે તેવી દહેશત છે ત્યારે સિવિલમાં જ છે. ત્યારે સિવિલમાંથી સત્વરે ગંદકી હટાવવામાં આવે તેવી લોકમાંગ ઉઠવા પામી છે.

# ધી અંબર કો.ઓ. ક્રેડિટ એન્ડ સપ્લાય સોસાયટી લી. ગાંધીનગર દ્વારા વાર્ષિક સાધારણ સભાનું આયોજન

ધી અંબર કો.ઓ. ક્રેડિટ એન્ડ સપ્લાય સોસાયટી લી. ગાંધીનગર દ્વારા આગામી તા. ૧૨-૮-૨૦૧૭ને શનિવારના રોજ બપોરે ૧.૦૦ કલાકે ડૉ. બાબાસાહેબ આંબેડકર ભવન, સે-૧૨, ગાંધીનગર ખાતે વાર્ષિક સાધારણ સભાનું આયોજન કરવામાં આવેલ છે.



# આંગણવાડી માટે બેન્ચીસ પુરી પડાઈ

ગાંધીનગર જિલ્લાના અનેક નાના ગામોમાં સરકારી શાળાઓમાં વિદ્યાર્થીઓને બેસવા માટે બેન્ચીસ જેવી પ્રાથમિક સુવિધાઓનો અભાવ છે. દહેગામ તાલુકાના અંતરિયાળ ગામ ટીંબાની મુવાડી ખાતેની આંગણવાડીમાં ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીની જિલ્લાશાખા દ્વારા બાળકોને બેસવા માટે ૧૦ નંગ બેન્ચીસ પુરી પાડવામાં આવી છે. આ બેન્ચીસ માટે ગાંધીનગરના વરિષ્ઠ નાગરિક જે.એન. પરીખ, દેનાબેંકવાળા રામસિંહ, નટુજી ઠાકોર અને જુસિકા અગ્રણી જીલુભા ધાંધલ દ્વારા આર્થિક સહયોગ પુરો પાડવામાં આવ્યો હતો.

# એનઆઈડી ખાતે 'બૉર્ન ફ્રોમ કોટન' પ્રદર્શન યોજાશે

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર ખાતે ફેશન ડિઝાઈન ક્ષેત્રે કાર્યરત સંસ્થા નેશનલ ઈન્સ્ટિટયુટ ઓફ ડિઝાઈન તથા જાપાનની અસાહી કેસેઈ કોર્પોરેશનના સંયુકત ઉપક્રમે 'બૉર્ન ફ્રોમ કોટન' પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું છે. આ સાથે એનઆઈડીના વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરાયેલ કોટન પ્રોડકટસને રજુ કરવા સાથે 'બૉર્ન ફ્રોમ કોટન સેલિબ્રેટીંગ હ્યુમન સ્ટોરીઝ થ્રુ મુવમેન્ટ એન્ડ મ્યુઝિક' શૉનું પણ આયોજન કરવામાં આવ્યું છે. જે એનઆઈડીના પીજી કેમ્પસ સ્થિત ઈન્ફિબીનેટ ઓડિટોરિયમ ખાતે તા. ૫મી ઓગસ્ટે સાંજે ૫.૩૦ કલાકે યોજાશે. આ શૉ બાદ કેમ્પસ સ્થિત ડિઝાઈન ગેલેરી ખાતે સાંજે ૭.૩૦ કલાકે પ્રદર્શનનું ઉદઘાટન કરાશે.

એનઆઈડી ખાતે વિદ્યાર્થીઓને ભવિષ્યની કેરિયરને ધ્યાનમાં રાખીને વૈવિધ્યતા સાથે વાસ્તવિક જીવનને સાંકળતી વ્યવસાયિક તાલીમ વર્ગખંડોમાં આપવામાં આવે છે.

'બૉર્ન ફ્રોમ કોટન' વિદ્યાર્થીઓની કલાસરૂમ પ્રોસેસ છે જે એક શૈક્ષણિક પ્રોજેકટનો ભાગ છે જેના થકી વિદ્યાર્થીઓ વૈશ્વિક કલાની જાપાનની અસાહી કેસેઈ કોર્પોરેશન સાથે જોડાઈ તેમની ડિઝાઈન્સ ના બળે તેમના લક્ષ્યને આંબવા એક પ્લેટફોર્મ પ્રાપ્ત કરે છે. આ પ્રોજેકટ વિદ્યાર્થીઓની કારકિર્દી માટે ખૂબ જ ઉપયોગી બની રહેશે.

**ગુજરાત જલસેવા તાલીમ સંસ્થા**
ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ,
સેક્ટર-૧૫, 'ગ' રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૩૩૦૭

**જાહેર નિવિદા નં. ૭/૨૦૧૭**

કાર્યપાલક ઈજનેરશ્રી, કોમ્યુનિકેશન એન્ડ કેપેસીટી ડેવલપમેન્ટ યુનિટ (સીસીડીયુ), ગુજરાત જલસેવા તાલીમ સંસ્થા, સેક્ટર-૧૫, 'ગ' રોડ, ગાંધીનગર દ્વારા તાલીમ કેલેન્ડરના, એ/૩ સાઈઝના ૬ પાનાના પુસ્તકના, ડીઝાઈનીંગ, મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા બાઈન્ડીંગના જોબવર્ક કામ (કુલ ૧૦૦૦ નંગ કોપી સહિત અંદાજીત રકમ રૂ. ૨૧૦૦૦.૦૦) માટે, રસ ધરાવતા ઠેકેદારો પાસેથી ભાવો માંગવામાં આવે છે. ટેન્ડર ફી રૂ. ૩૦૦/- છે. ટેન્ડર આપવાની છેલ્લી તારીખ : ૧૪/૮/૨૦૧૭ છે તથા ટેન્ડર સીલબંધ કવરમાં અત્રેની કચેરીને તારીખ : ૨૯/૮/૨૦૧૭ના રોજ ૧૬.૦૦ કલાક પહેલા ફક્ત આર.પી.એ.ડી.થી મળી જાય તે રીતે મોકલવાના રહેશે. શક્યહશે તો મળેલા ભાવપત્રકો તારીખ : ૩૦/૮/૨૦૧૭ના રોજ ૧૨.૩૦ કલાકે ખોલવામાં આવશે. ટેન્ડર અંગેની વધુ વિગતો અને માહિતી, શરતોને આધિન, ઉપરોક્ત કચેરી પરથી, ઓફીસ સમય દરમિયાન સંબંધકર્તાઓએ મેળવવાની રહે છે. કોઈપણ ટેન્ડર સ્વીકારવા / રદ કરવાની સત્તા કાર્યપાલક ઈજનેરને અબાધિત રહેશે.

માહિતી/૧૨૫૨/૧૭-૧૮